વડીલોને વંદન અભિનંદન

કલાવતીબેન અંબાલાલ રાવલ
(૧૯૩૧)ફોનઃ ૨૩૨૫૭૯૭

ચાડા પાસે અકસ્માતમાં બે ના મોત

ખેડબ્રહ્મા તાલુકાના ચાડા ત્રણ રસ્તા પર રવિવાર સાંજના અકસ્માતમાં બે ના મોત નિપજ્યા હતા. અંબાઈગઢાના વતની ખેડબ્રહ્માથી જવા પ્રજાપતિ વિરાભાઈ રામાભાઈ (રીટાયર્ડ આચાર્ય ઉચિથનાલ હાઈસ્કૂલ) તથા તેમના કુટુંબી હસમુખભાઈ ગણેશભાઈ પ્રજાપતિ (ઉચિથનાલ પીએચસી ફાર્માસીસ્ટ) અંબાઈ ગઢા જવા નિકળેલ ત્યારે ચાડા ત્રણ રસ્તા પાસે સામેથી આવતી ફોર્સ ટ્રાવેરા જીજે-૫-એવી-૨૯૨૩ એ તેમની બાઈક જીજે-૯-સીબી-૯૬૨ ને ટક્કર મારતા બન્નેના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. (રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

બાયડના કોંગ્રેસી ઉમેદવારને યુવા મતદારોનું સમર્થન

બાયડ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાની બાયડ વિધાનસભા બેઠકના ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોના ઉમેદવારોએ મતદાતાઓને રીઝવવા અને ચૂંટણી પ્રચારની તમામ તૈયારીઓને વેગવંતી બનાવી દીધી છે. ત્યારે હાલ બાયડમાં કોંગ્રેસના ઉમેદવારને યુવા મતદારોનું ભરપુર સમર્થન મળી રહ્યું છે તેમ જાણવા મળ્યું હતું. બાયડ વિધાનસભા બેઠક પરના કોંગ્રેસના ઉમેદવાર અને વર્તમાન ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા હાલ ચૂંટણી પ્રચારના ભાગરૂપે અનેક ગામડાઓ તેમજ શહેરી વિસ્તારને ખૂંદી રહ્યા છે. અને લોકસંપર્ક કરી રહ્યા છે. આ ઉપરાંત જાહેર સભાઓ પણ યોજી કોંગ્રેસની કામગીરીથી લોકોને માહિતીગાર કરી રહ્યા છે. જ્યારે સવારથી સાંજ સુધી ચૂંટણી સભાઓ સંબોધ્યા બાદ મહેન્દ્રસિંહ મોડી રાત્રે યુવાનો સાથે બુથ લેવલની બેઠકો યોજી તમામ મોરચે સજ્જ થઈ રહ્યા છે. પરિણામે કોંગ્રેસના ઉમેદવાર એવા મહેન્દ્રસિંહને યુવાનો તેમજ યુવા મતદારો અને કોંગ્રેસી કાર્યકરો દ્વારા ભરપૂર સમર્થન મળી રહ્યું છે.

સોનિયા ગાંધીની આજે ડાકોરમાં સભા યોજશે

અમદાવાદ, તા. ૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રચારાર્થે કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી આવતીકાલ તા.૧૦મીને સોમવારે ગુજરાતની બીજીવાર મુલાકાતે આવી રહ્યા છે. શ્રીમતી સોનિયા ગાંધી આવતીકાલ સોમવારે ઉત્તર ગુજરાતના સિદ્ધપુર અને મધ્ય ગુજરાતના ડાકોર ખાતે ચૂંટણી સભાઓને સંબોધશે. પ્રદેશ કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી આવતીકાલ તા.૧૦મીને સોમવારે સવારે ૧૧ વાગ્યે પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં હંસાબા એન્જિનિયરીંગ કોલેજના મેદાનમાં જાહેરસભાને સંબોધશે.

શહેરના બજારોમાં શિયાળુ પાકની ખરીદી પૂર જોશમાં

ઊંઝા, તા. ૯

ઉત્તર ભારતમાં કેટલીક જગ્યાએ હીમવર્ષા થઈ છે. પરંતુ તેની સીધી અસર ગુજરાતમાં હાલમાં પડી નથી. છતાં શિયાળાની સિઝનમાં ઠંડીથી બચવા અનેક ગરમ મસાલાથી બનાવેલા અવનવા વસાણા ખાવા તરફ લોકો વળ્યા છે.

નાના મોટા અનેક શહેરોના બજારોમાં સાલમપાક, આદુપાક, મેથીપાક, અદડીયાપાક, કચ્ચરીયું, તલ અને સીંગની ચીકીનું વેચાણ શરૂ થઈ રહ્યું છે. ત્યારે ઊંઝાના બજારમાં પણ અવનવા ટેસ્ટી વસાણાની ખરીદી લોકો દ્વારા થઈ રહી છે. સાલમપાક અને આદુપાક જેવા વસાણા મોંઘા હોવાથી અમીર લોકો તેની ખરીદી કરે છે. જ્યારે ગરીબ અને મધ્યમવર્ગને કચ્ચરીયા પાક ઓછા ભાવથી પોસાય તેમ છે. જેથી આ વર્ગ અહીં ખરીદી તરફ વધુ વળ્યો છે.

ઊંઝાના બજારમાં કચ્ચરીયા પાકની ૫૦ જેટલી ઘાણીઓ ઘુમી રહી છે અને કચ્ચરીયા પાકનું અન્ય પાકોની સરખામણીમાં વધુ વેચાણ થઈ રહ્યુ છે. છેલ્લા સાત દિવસથી વધી રહેલી ઠંડીને પરીણામે લોકો શીયાળામાં અવનવા ટેસ્ટો વસાણાઓનો ભરપુર ઉપયોગ કરી રહ્યા છે. જેમા કચ્ચરીયાપાકનો બજારમાં વિશેષ માંગ રહેવા પામી છે.

દિનપ્રતિદિન ખાદ્યચીજોના વધતા જતા ભાવોને લીધે ગરમ મસાલાના ભાવો વધી રહ્યા છે.જેને લઈને આ વર્ષે સાલમપાક, આદુપાક અને કચ્ચરીયાપાક જેવા અન્ય વસાણાઓમાં ભાવ વધારાની અસર જોવા મળી છે.

ગરીબ, મધ્યમ તેમજ અમીરવર્ગ શીયાળાની ઋતુમાં તેની આવક પ્રમાણે અવનવા ટેસ્ટી વસાણાનો ઉપયોગ કરે છે. જેમ સાલમપાક, આદુપાક, મેથીપાક, અદડીયાપાક તેમજ કચ્ચરીયાપાકમાં ગરમ મસાલાનો ભરપુર ઉપયોગ થાય છે. જે ગરમ મસાલા એક આયુર્વેદિક ઔષધ છે. કહેવાય છે કે શિયાળાની ગુલાબી ઠંડીમાં એક માસ સુધી કોઈપણ વસાણું ખાવામાં આવે તો આખુ વર્ષ શરીરમાં શક્તિનો સંચય જળવાઈ રહે છે. તેમજ વર્ષ દરમિયાન નાના-મોટા થતા રોગોમાં પ્રતિકારક શક્તિ વધે છે. અને તંદુરસ્તી જળવાઈ રહે છે. જેથી કરીને અનેક લોકો શીયાળામાં અવનવા ટેસ્ટી વસાણા ખાવાનું ચુકતા નથી.

(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસાના ગવાડી વિસ્તારમાં ગંદકીથી ગરકાવ

વિધાનસભાની ચૂંટણીને લઈ ડીસા તાલુકામાં બંને પક્ષો દ્વારા જોરશોરથી પ્રચાર થઈ રહ્યો છે. જેમાં એકબાજુ કોંગ્રેસ અને બીજી તરફ ભાજપ પક્ષો દ્વારા શહેરમાં વિકાસની વાતો થઈ રહી છે ત્યારે ડીસા શહેરમાં છેલ્લા કેટલાય વર્ષોથી વોર્ડ નં. ૧૧માં રોડ ગટરની સમસ્યા છે તે આ રાજકીય પક્ષો દ્વારા કોઈ નિકાલ કરાતો નથી. અનેકવાર આ વોર્ડની સમસ્યા અનેક ઈલેકટ્રોનિકસ મિડીયા તેમજ પ્રિન્ટ મીડિયામાં પ્રસિધ્ધ થઈ તેમ છતાં હજુ સુધી આ વિસ્તારની સમસ્યા હલ થઈ નથી.

ભાજપે આંસુ ક્યારે પણ લૂછ્યા નથી : કેશુભાઈ

અમદાવાદ, તા. ૯

ગુજરાતમાં નરેન્દ્ર મોદીની સરકારને શા માટે મત ન આપવો જોઈએ એના માટે ગુજરાત પરિવર્તન અધ્યક્ષ અને પૂર્વમુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ૧૧ કારણો જનતાને આપ્યા છે જેમાં રાજ્યના સમજુ નાગરિકોને મત આપતા પહેલા વિચાર કરવા અપીલ કરી છે. કેશુભાઈ પટેલે આજે પોતાના બ્લોગ પર જણાવ્યું હતું કે, ભાજપને મત આપવોએ પોતાના પગ પર કુહાડી મારવા બરાબર છે. ભાજપ સરકારને મત ન આપવા માટેના ૧૧ કારણો છે જેમાં લાગણીહીન સરકાર છે, પ્રજાના પીડાની સુખ દુઃખની તેમને કોઈ પડી નથી. આત્મસ્લાઘા અને અહંકારથી પીડાતી સરકારે ક્યારેય દીન-દુઃખીયાના આંસુ લૂછ્યા નથી. આપઘાત કરતા ખેડૂતો, શિક્ષણની ફી વધારવાથી જીવન ટુંકાવતા કે ડોક્ટર કે ગુમ થયેલા બાળકના પરિવારની ચીસ તેમના બહેરા કાને અથડાઈને પાછી ફરે છે. ૧૦ વર્ષમાં ગુજરાતની પ્રજા માથેનો ટેકરાનો બોજો રૂપિયા ૧૦ હજાર કરોડથી વધી રૂપિયા ૫૧ હજાર કરોડે પહોંચી ગયો છે, અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર છે. લોકાયુક્તની નિમણૂંક અટકાવવા સુપ્રીમ કોર્ટ સુધી ધમપછાડા કર્યા છે આ ભ્રષ્ટ સરકારે ગુજરાતની તિજોરી સફાચટ કરી નાંખી તો પણ તેમનું પેટ ભરાયું નથી મોદી સરકાર લોકશાહીને ખત્મ કરવા માગે છે. વિધાનસભા સત્ર બોલાવતા નથી, વિરોધપક્ષને પ્રજાના પ્રશ્નો રજુ કરવા દેતા નથી, ધારાસભ્યોને પ્રશ્નો પૂછવા દેતા નથી. આ સરકારે અબજો રૂપિયા ઉત્સવો અને સ્વપ્રસિદ્ધિમાં વેડફી નાંખ્યા છે.

શબ્દાવલી - ૪૯૧૯



આડી ચાવી

૧. દિલ, હૃદય (૩)
૪. બિમાર વ્યક્તિની દેખભાળ (૪)
૭. નોકરીમાંથી પાણીયું આપવું (૫)
૮. કુટેવ, ખરાબ આદત (૨)
૯. ટમેટા કે જુદા જુદા શાકભાજીનું મસાલા નાખી પ્રવાહી બનાવે તે (૨)
૧૧. વિકારી (૨)
૧૨. 'પથરો' શબ્દ આડોઅવળો (૩)
૧૪. મજલો, મકાનનોઉપલો... (૨)
૧૫. સૂર્યોદય (૫)
૧૭. બલિ ચડાવ્યો,... કરવો (૨)
૧૮. વૃધ્ધાવસ્થા (૨)
૨૦. વૃંદાવન (૫)
૨૪. એક સુગંધી લાકડું (૨)
૨૫. અજંપો, વલોપાત (૪)

ઊભી ચાવી

૧. આકાશ, ગગન (૩)
૨. મલાઈનું પડ (૨)
૩. એક પ્રખ્યાત તીખી સેવ (૪)
૪. સ્વચ્છ સુઘડ (૫)
૫. એક કઠોળ (૨)
૬. હીરા-માણેક (૩)
૧૦. લાકડાનો ડંડો (૩)
૧૧. મૃત્યુ, યમરાજ (૨)
૧૩. સ્થાન, મોભો (૨)
૧૪. સારસંભાળ રાખવી (૪)
૧૫. અડધે રસ્તે (૪)
૧૬. ચોક્કસ (૩)
૧૯. સત્તા (૨)
૨૧. એક રાજા જેની દમયન્તી રાણી હતી (૨)
૨૨. ફરિયાદ (૨)
૨૩. કાથી બળે પણ... ના છોડે (૨)

શબ્દાવલી ૪૯૧૮ના જવાબ

આડી ચાવી :- (૧) સલામત (૫) લાય (૬) પરદેશી (૮) મકસદ (૧૧) જરા (૧૨) ફરક (૧૪) સજા (૧૫) પળવાર (૧૬) જળો (૧૭) જોજન (૨૦) રાજમા (૨૨) કદાચ (૨૪) કણજી (૨૫) શોણિત

ઊભી ચાવી :- (૧) સલામ (૨) લાયક (૩) અરજ (૪) વાસી (૭) દેરાસર (૯) સફળ (૧૦) દરવાજો (૧) કરજ (૧૫) પળોજળ (૧૬) જરાક (૧૮) નકશો (૧૯) બચત (૨૧) માજી (૨૩) દાણી

યુવરાજ, ઝહિર, ભજ્જીની અંતે હકાલપટ્ટી કરી દેવાઈ

ઘરઆંગણે સતત બે ટેસ્ટ મેચમાં કારમી હાર ખાધા બાદ રાષ્ટ્રીય પસંદગીકારોએ પણ કેટલાક આકમક પગલા લીધા હતા. સાથે સાથે જે ખેલાડીઓને પડતા મુકવામાં આવ્યા નથી તે ખેલાડીઓને પણ પરોક્ષરીતે ચેતવણી આપી દીધી છે. પીઢ ઝડપી બોલર ઝહિરખાન અને બેટ્સમેન યુવરાજસિંહ ગુરૂવારે શરૂ થતી ઈંગ્લેન્ડ સામેની ચોથી અને અંતિમ ટેસ્ટ મેચ માટે પડતા મુકી દેવામાં આવ્યા છે.

ચૂંટણીની ચોપાટ... ● છેલ્લા પાનાનું ચાલુ

છે. આમ રદ્દ થયેલા મતનું પ્રમાણ ઓછું રહેશે.

આ ચૂંટણીમાં બેલેટ અને ઈ.વી.એમ. દ્વારા મતદાન થઈ રહ્યું છે તે પણ એટલી જ મહત્ત્વની વાત છે. એક જ ચૂંટણીમાં એક સાથે બે અલગ-અલગ પધ્ધતિથી મતદારો તેમના લોકપ્રતિનિધિઓની પસંદગી કરશે અને તેમાં પણ પોષ્ટલ બેલેટ આ ચૂંટણીમાં નિર્ણાયક બનશે તે વાત પણ એક વિક્રમ તરીકેનાં ઈતિહાસનાં પાનાઓ પર લખાશે.

જિલ્લામાં ૨૦૦૭ની ચૂંટણીમાં વિજયી ઉમેદવારોની પાતળી સરસાઈને જોતાં આ ચૂંટણી જંગના પરિણામો અંગે ચોક્કસ આગાહી શક્ય નહીં. દિવસો હવે માત્ર છ પાકી રહ્યાં છે ત્યારે રાજકીય પંડિતોનાં ગણિતો શું છે તે હવે પછી વાત કરીશું. જો કે આ પહેલાં પંડિતો પહેલીવાર એવું કહી રહ્યાં છે અને સ્વીકાર કરતાં થયા છે કે આ ચૂંટણીમાં જિલ્લાની પાંચ બેઠકોમાંથી ૩ બેઠકોના પરિણામોમાં પોષ્ટલ બેલેટ જ મહત્ત્વના પુરવાર થશે. પોષ્ટલ બેલેટની મત ગણતરી ઈ.વી.એમ.ના મતોની ગણતરી પહેલાં કરવાની રહેશે. પોષ્ટલ બેલેટથી કોઈ વંચિત ના રહી જાય તે માટે તંત્ર એ પણ પુરતી કાળજી લીધી છે. આ માટે એક અલાયદો વિભાગ પંચ દ્વારા ઊભો કરવામાં આવ્યો છે એટલું જ નહિ દરેક જિલ્લામાં આ માટે અલાયદા નોડલ ઓફિસરની નિમણૂંકો પણ કરવામાં આવી છે એ પણ નોંધનીય ઘટના છે.

MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI
NOTICE UNDER SECTION 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT - 1989
APPLICATION NO. 2838/10
Sundar Narayan Ganiga ...Applicant
V/s.
Bhavik Kamlesh Shah ... Opponent
AND
Reliance Gen. Insurance Co. ... Insurer.
To,
Bhavik Kamlesh Shah
Add : 19977/6, Ashish Chamber, Daygio Mohollo, Mohidharpura, Dist. Surat, Gujarat-395003.
Where as per the Attached Application, applicant have lodged application against you to claim compensation Under Section 166 & 140 A Of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) Of Motor Vehicle Act 1988. Therefore you should remain present in Court No. 7 on 03/01/2013 at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention date then this court will considered that you have nothing to say about the compensation and the court will declared one sided judgement. Kindly note this.
This Notice issued today on 02/01/2012 with my signature and seal of the Court.
By Order
Registrar
M.A.C. Tribunal, Mumbai
9, H.S. Marg, Mumbai - 400 001.
Court Seal

મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૭ જાહેરસભાને સંબોધન કરશે

અમદાવાદ, તા. ૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના અનુસંધાનમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૧૦મી ડિસેમ્બરના દિવસે ભાજપના ઉમેદવારોના ચૂંટણી પ્રચારના હેતુસર સાત જાહેરસભાઓને સંબોધન કરશે. વડોદરા જિલ્લાના કરજણ ખાતેથી સભાનો પ્રારંભ થશે. અને ગાંધીનગર મહાનગરમાં અંતિમ સભાને સંબોધન કરશે. આ ઉપરાંત મુખ્યમંત્રી મોદી ૫૩ જેટલી જાહેરસભાઓને થ્રીડી ટેકનોલોજીના માધ્યમથી છ વાગ્યે સંબોધન કરશે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી મોદીના આવતીકાલના ચૂટણી પ્રચાર કાર્યક્રમની વિગત આપતા ભાજપના પ્રદેશ મિડિયા ઈન્ચાર્જ જગદીશ ભાવસારે કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદી સવારે નવ વાગ્યે દિલાવર પાર્ક કરજણ ખાતે પ્રથમ જાહેરસભાને સંબોધી ઝંઝાવતી ચૂંટણીપ્રચારનો પ્રારંભ કરશે. મોદી સવારે જ સવા દસ વાગ્યે ઘનશ્યામ હોટલ બાજુમાં પાનજુગ મિલ, પંછેલા, દાહોદમાં સભા સંબોધશે. જ્યારે ૧૧.૫૦ વાગ્યે માર્કેટ યાર્ડ બાયડમાં તેમની સભા રહેશે. તેમના આકમક પ્રચાર કાર્યક્રમને લઈને ભાજપના ઉમેદવારો અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોદીના કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ કરી દેવામાં આવી છે. ભાવસારે વધુમાં જણાવ્યું છે કે બપોરે ૩.૩૦ વાગ્યે વિજાપુર રેલવે ક્રોસિંગ પાસે જાહેર સભાને સંબોધ્યા બાદ સાંજે છ વાગ્યે થ્રીડી ટેકનોલોજીના માધ્યમથી ૫૩ સભાને સંબોધશે. આવતીકાલે અંતિમ સભા ૭.૩૦ વાગ્યે ગાંધીનગરમાં સહિયર પાર્ટીપ્લોટ, સેક્ટર છમાં યોજાશે. અહીં તેઓ કમળ લહેર ઉભી કરવા લોકોને અપીલ કરશે.

ગાંધીનગર-અમદાવાદમાં તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો

ડિસામાં તાપમાન ૧૩.૬ ડિગ્રી નોંધાઈ ગયુ

અમદાવાદ, તા.૯

ગુજરાતભરમાં તાપમાનમાં ભારે ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. છેલ્લા થોડાક દિવસમાં તાપમાનમાં એકાએક વધારો થતા લોકોએ ફરી એકવાર ગરમીનો અનુભવ કર્યો હતો. હવામાન ખાતેએ આગાહી કરતા જણાવ્યું છે કે આવતીકાલે અમદાવાદ શહેરમાં લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ રહે તેવી સંભાવના છે. અમદાવાદમાં આજે લઘુતમ તાપમાન ૧૨.૪ ડિગ્રી નોંધાયુ છે જે સમગ્ર રાજ્યમાં સૌથી ઓછુ તાપમાન હોવાનું જાણવા મળ્યુ છે.

આ ઉપરાંત ડિસામાં ૧૩.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. પાટનગર ગાંધીનગરમાં ૧૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. ઋતુ ચક્ર છિન્નભિન્ન થઈ ગયુ છે જેના કારણે ગમે ત્યારે ઠંડી અને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગઈકાલે અમદાવાદમાં ૧૬.૪ ડિગ્રી તાપમાન હતુ તેમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જ્યારે ગાંધીનગરમાં ગઈકાલે ૧૬.૨ ડિગ્રી તાપમાન હતુ તે ઘટીને હવે ૧૨.૫ ડિગ્રી થઈ ગયુ છે. અહીં પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે.

પ્રાંતિજ રેડીમેઈડ અને ક્લોથ મરચન્ટ એસો.ના હોદ્દેદારો વરાયા

પ્રાંતિજ રેડીમેઈડ એન્ડ ક્લોથ મરચન્ટ એસોસિએશનના નવા વર્ષના તમામ હોદ્દેદારોની સર્વાનુમતે બિનહરિફ વરણી કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેડીમેઈડ અને ક્લોઠ મરચન્ટ એસોશિએશનના વેપારી મિત્રોની સામાન્ય બેઠક તાજેતરમાં દશામા વાડી પ્રાંતિજ ખાતે મળી હતી. જેમાં સર્વાનુમતે પ્રમુખપદે દિલીપભાઈ કોઠારી, ઉપપ્રમુખ પદે વિક્રમભાઈ શાહ, મંત્રીપદે પરેશભાઈ શાહ સહ મંત્રી પદે જયંતિભાઈ જૈન અને ખજાનચી પદે રમેશભાઈ ભાવસારની વરણી કરવામાં આવી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT · KisaN · VINAYAK 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · DR.FIXIT · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601